ક્રમાંક:રાપબો/CGMS/૨૦૨૫/૪૦૫૧-૪૦૮૬

રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય,
સરકારી પુસ્તકાલયની સામે
સેક્ટર-૨૧, ગાંધીનગર
તા:૨૬/૦૩/૨૦૨૫

પ્રતિ ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ

વિષય :- મુખ્યમંત્રીશ્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા- CGMS -૨૦૨૫ પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવા બાબત.

સંદર્ભ :- (૧) જાહેરનામાં ક્રમાંક:રાપબો/જ્ઞા.સા.સ્કો.પરીક્ષા/૨૦૨૫-૨૬/૨૧૨૭-૨૨૨૩,તા.૨૪/૦૨/૨૦૨૫
(૨) આદિજાતિ વિકાસ વિભાગ પત્રક્રમાંક:TDD/ANS/e-file/25/2025/183/G ,તા.૨૧-03-૨૦૨૫

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, રાજય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર દ્વારા સંદર્ભ-૧ના જાહેરનામાથી " મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા (CGMS)-2025 " તા.૨૯/૦૩/૨૦૨૫, શનિવારના રોજ રાજયના તમામ જિલ્લાઓના પરીક્ષા કેન્દ્રો 2553 પર યોજવાનું આયોજન કરવામાં આવેલ હતું. સદર પરીક્ષાના મેરીટના આધારે કુલ-૭૪ આર્દશ નિવાસી શાળાઓમાં ધોરણ-૯માં પ્રવેશ આપવાનો નિર્ણય સંદર્ભ-૨ના પત્રથી તા.૨૧/૦૩/૨૦૨૫ના રોજ લેવાયેલ છે. આ નિર્ણયને ધ્યાને લેતા તેને સંલગ્ન પરીક્ષા સાથે જોડાયેલ કેટલીક વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરવી અનિવાર્ય છે. સદર પરિસ્થિતિને ધ્યાને લેતા મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવામાં આવે છે. હવે આ પરીક્ષા તા.૨૯/૦૩/૨૦૨૫ના બદલે <u>તા.૧૨/૦૪/૨૦૨૫ના</u> રોજ લેવામાં આવશે.

પરીક્ષાની તારીખમાં જ ફેરફાર કરવામાં આવેલ છે પરીક્ષા કેન્દ્રો, વિદ્યાર્થીની બેઠક વ્યવસ્થા, હોલ ટિકિટ અને અન્ય તમામ વ્યવસ્થા યથાવત રાખવામાં આવેલ છે. જે વિદ્યાર્થીઓ દ્વારા અગાઉ ફોર્મ ભરવામાં આવેલ છે તે વિદ્યાર્થીઓના ફોર્મ ફરી ભરવાના રહેશે નહિ માત્ર આર્દશ નિવાસી શાળાઓમાં ધોરણ-૯માં પ્રવેશ પણ આ મેરીટના આધારે ફાળવવાને કારણે કોઈ વિદ્યાર્થી અગાઉ ફોર્મ ભરેલ નથી અને આના કારણે આ ફોર્મ ભરવા ઈચ્છે છે તે તા.૨૭/૩/૨૦૨૫ થી તા.૭/૪/૨૦૨૫ સુધી ફોર્મ ભરી શકશે. હાલ તમામ ઝોનલ સ્ટાફ અને પરીક્ષા કેન્દ્રોને સદર પરીક્ષાની તારીખમાં થયેલ ફેરફારની માહિતી સમયસર પહોંચે તે સુનિશ્ચિત કરશો.

અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

**<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :</u>**

- માન.અગ્રસચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશ સચિવશ્રી,શિક્ષણ વિભાગ,નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,શાળાઓની કચેરી, વિદ્યાસમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યાસમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાધીનગર

Scanned with ACE Scanner